સમાજ સંતૃષ્ટિ માટે ૬૩ વર્ષથી ચાલતો એક અવિરત શ્રમયજ્ઞ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક : ૧ - ૨ I વર્ષ - ૩ I જૂલાઈ-ઓગષ્ટ - ૨૦૨૩ (સળંગ અંક : ૨૫ - ૨૬) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

# 375 કરોડ ના

## ઐતિહાસિક ભાવ વધારા સાથે દૂધસાગરના આંગણે ૬૩ મી સાધારણ સભા સંપન્ન




**દૂધસાગર ડેરીનું વાર્ષિક ટર્નઓવર 910 કરોડના વધારા સાથે 6938 કરોડે પહોંચ્યું**

દૂધસાગરના વર્તમાન નિયામક મંડળે પોતાનો જ ગયા વર્ષનો **321** કરોડના ભાવવધારાનો રેકોર્ડ તોડી આ વર્ષે **375** કરોડનો ભાવવધારો જાહેર કર્યો

સ્થાનિક દૂધ મંડળીઓને થાપણો ઉપર હવે **10%** ડિવિડન્ડ ચૂકવવામાં આવશે.

મહેસાણા દૂધસંઘ દ્વારા દૂધ ઉત્પાદકોના લેવાતા વીમા માં વય મર્યાદા જે અગાઉ **59** વર્ષ હતી તેને હવેથી **65** વર્ષ કરવામાં આવી

દૂધસાગર દ્વારા અગાઉ દૂધ ઉત્પાદકોને મરણ સમયે ચૂકવાતી રૂા.**35000** ની રકમમાં વધારો કરી રૂા.**1** લાખ કરવામાં આવી

દૂધના ખરીદ ભાવમાં વળી, રૂા.**10** નો વધારો

રૂા.**650** થી શરૂ થયેલી નવા નિયામક મંડળની દૂધના ભાવની યાત્રા હવે, પ્રતિકીલો ફેટે રૂા.**810** સુધી પહોંચી

અકસ્માત વિમાની રકમ રૂા. **1** લાખથી વધારી રૂા. **2** લાખ કરવામાં આવી


# પશુપાલકોએ મૂકેલા વિશ્વાસને ટકાવવા

## અમે તલવારની ધાર ઉપર ચાલ્યા છીએ : અશોકભાઈ ચૌધરી




મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) ની ૬૩ મી વાર્ષિક સાધારણ સભા અને દૂરડા (દૂધસાગર રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ એસોશિએશન) ની ૫૬ મી વાર્ષિક સાધારણ સભાને સંબોધન કરતા સંસ્થાના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ દૂધ મંડળીઓના પ્રતિનિધીઓને સંબોધતા જણાવ્યું હતું કે વિતેલા અઢી વર્ષોમાં પશુપાલકોએ અમારા ઉપર મૂકેલ આશાઓને અપેક્ષાઓ સંતોષવામાં અમે મહદ્ અંશે સફળ રહ્યા છીએ. પારદર્શિતા અને પ્રામાણિકતા સાથે સમગ્ર નિયામક મંડળે ઓનલાઈન ખરીદ પધ્ધતિ તથા રિવર્સ ઓકશનનો સહારો લઈ સંસ્થાને વધુમાં વધુ ફાયદો અપાવી શક્યા છીએ. બિનજરૂરી ખર્ચા બંધ કરી એ પૈસો વર્ષને અંતે ભાવવધારાના સ્વરૂપમાં આપણા પશુપાલકના ઘરે પહોંચે તેની કાળજી લીધી છે. અને તે માટે તેઓએ ઈશ્વરનો આભાર માન્યો હતો. તેઓએ, આગળ જણાવતાં કહ્યું કે ; સંસ્થા ઉપર પડતો વ્યાજખર્ચ આપણે વિતેલા બે વર્ષોમાં ઘટાડી શક્યા છીએ, પહેલા વર્ષમાં ચૂકવવા પડતા વ્યાજમાં આપણે ૧૭ કરોડ ઘટાડી શક્યા છીએ અને આ વર્ષે પણ પાંચ કરોડ વ્યાજ ખર્ચ ઓછું કર્યુ છે. એનો મતલબ એવો થાય કે ધંધો વધ્યો છે છતાં પણ, લોનો ઘટી છે અને વ્યાજ ખર્ચ પણ ઘટ્યું છે. વહિવટ સંભાળ્યો તે વખતે ડેરીનું ટર્ન ઓવર ૫૦૦૦ કરોડ રૂપિયા હતું. જે ગયા વર્ષે આપણે ૬૦૦૦ કરોડ રૂપિયે પહોંચાડ્યું. અને, આ વર્ષે ટર્નઓવર આપણું ૬૯૩૮ કરોડ એટલે કે ૭૦૦૦ કરોડ રૂપિયાની નજીક પહોંચી ગયા છીએ. ડેરીના સર્વાંગી વિકાસ માટે અમે રાતદિવસ કામ કરી રહ્યા છીએ. પાવડર પ્લાન્ટ અને ટેટ્રાપેક પ્લાન્ટની વાત કરતાં તેઓએ જણાવ્યું કે; પારદર્શિતાના ઉત્તમ ઉદાહરણ તરીકે આ બંને પ્લાન્ટોના ટેન્ડરોમાં આવેલી કુલ ૪૧૨ કરોડ રૂપિયાની રકમમાં આપણે ૧૫૦ કરોડ રૂપિયા ઓછા કરાવી શક્યા છીએ જેનું સમગ્ર નિયામક મંડળ સાક્ષી છે. અહીં, પશુપાલકોએ મુકેલા વિશ્વાસને સતત અકબંધ રાખવાનો સંકલ્પ સિધ્ધ કરવા અમે મથી રહ્યા છીએ. અહીં બધા જ પ્રતિનિધીઓ બેઠા છે મંડળીના - અને આ પ્રતિનિધીઓ સંઘના માલિક છે. ત્યારે વોટ્સઅપ યુર્નિવસીટી અને સોશિયલ મિડીયામાં ચાલતા ખોટા પ્રચાર અને અફવાઓને માનવાને બદલે ડેરીમાં આવી તમામ ફાઈલો જોઈ લેવા ખુલી છૂટ આપું છું જેથી આ ભ્રામક અને ખોટા પ્રચાર બંધ થાય અને સાચા ખોટાની તમને ખબર પડે એટલે વિનંતી પૂર્વક તમને જણાવું છું કે; તમે સીધે સીધા ડેરીમાં આવી જે તે ડિપાર્ટમેન્ટમાં જઈને ફાઈલ જોઈ જશો જેથી અમારી શક્તિ ખોટી વાતોના ખંડનમાં ના વેડફાય અને સંસ્થાના સારા કામ થાય !!









શ્વાસે શ્વાસે દૂધસાગર

# 2023 63 મી સાધારણ સભાના પાંચ લાખ પશુપાલકો માટે થયેલા અસાધારણ નિર્ણયો

## દૂધ ઉત્પાદકોને આપવામાં આવેલા ફાયદા :

- દૂધના ભાવમાં ગત વર્ષે ૬૦ અને આ વર્ષે ૯૦ એમ કુલ ૧૫૦ રૂપિયાનો વધારો કરી પશુપાલકોના ઘરે વાર્ષિક અંદાજે ૬૨૫ કરોડ રૂપિયા વધુ પહોંચવા પામ્યા છે
- સાગરદાણ ગત વર્ષે ₹૧૫૦ અને આ વર્ષે ₹૧૦૦ સસ્તું રાખી આ બે વર્ષમાં દૂધ ઉત્પાદકોને અંદાજીત ₹૨૦૦ કરોડનો ફાયદો થવા પામ્યો છે
- પશુસારવાર વિઝીટ ફીમાં ૧૦૦ રૂપિયા ઓછા રાખવાથી વિતેલા બે વર્ષોમાં પશુપાલકોને ૮ કરોડ રૂપિયાનો ફાયદો આપી શક્યા છીએ
- દૂધ ઉત્પાદકોના છેલ્લા ચાર વર્ષથી વિવિધ કારણોસર અટવાયેલા તમામ ૩૫૦૦ થી વધારે વીમા ક્લેઈમોનું નિરાકરણ લાવી પશુપાલકોને રૂપિયા ૧૨ કરોડ અપાવવામાં સફળતા મળી છે
- દૂધ મંડળીઓમાં વપરાતા બલ્ક કૂલર સફાઈ માટેના કેમીકલનો અગાઉ રૂા.૫૪૦૦ ભાવ હતો તેમાં ટેન્ડર પ્રક્રિયા કરી આ ભાવને રૂા.૧૯૭૫ કરાવવામાં આવ્યો જેથી વિતેલા બે વર્ષમાં મંડળીઓને રૂપિયા ૪ કરોડનો ફાયદો મળવા પામ્યો છે



- દૂધસાગરમાં ગત વર્ષે ૧૮.૬૪% અને આ વર્ષે ૧૫.૧૦% નો વેચાણમાં વધારો નોંધાયો છે.
- ગ્રામીણ સ્થાનીક વેચાણ ૬૫ હજાર લિટરે પહોંચ્યું છે.
- નવા નિયામક મંડળના પ્રથમ વર્ષમાં ડેરીનું ટર્નઓવર ૨૦% ના વધારા સાથે ૬૦૨૮ કરોડ અને આ વર્ષે ૧૫% ના વધારા સાથે ૬૯૩૮ કરોડે પહોંચવા પામ્યું છે.
- શાસનના પ્રથમ અઢી માસ દરમ્યાન દૂધસાગરની લોનમાં ૩૮ કરોડનો ઘટાડો ત્યારબાદ, ગત વર્ષે ૨૬૨ કરોડનો ઘટાડો અને આ વર્ષે ૪૧૭ કરોડના ઘટાડા સાથે કુલ ૭૧૭ કરોડનો બોજ ઓછો કરવામાં આવ્યો છે.
- વિતેલા અઢી વર્ષોમાં દૂધ ખરીદીમાં સર્વશ્રેષ્ઠ ભાવ અને ભાવવધારા આપવામાં આવ્યા છે જે ડેરીની સ્થાપનાથી લઈ આજ સુધીના સૌથી મોટા શિખર ઉપર સ્થાપીત છે.

## ત્રેવડ એ ત્રીજો ભાઈ છે

- કાચા માલની સાથે વિવિધ પ્લાન્ટો અને મશીનરીની ખરીદીમાં રીવર્સ ઓક્ષન કરવાથી **૧૦૦ કરોડથી** વધુની સંસ્થામાં બચત થવા પામી છે
- વ્યાજ ખર્ચમાં પ્રથમ વર્ષે **૧૭ કરોડ** અને બીજા વર્ષે **પાંચ કરોડ** ની બચત થવા પામી છે
- લેબર કોન્ટ્રાક્ટના ભાવમાં ઘટાડો કરી બે વર્ષમાં દૂધ સંઘના **૪૦ કરોડ** રૂપિયા બચાવવામાં આવ્યા છે
- કોન્ટ્રાક્ટના માણસો ઓછા કરી બે વર્ષમાં **૧૨ કરોડની** બચત કરવામાં આવી છે
- સેમ્પલરનો કોન્ટ્રાક્ટ બંધ કરી **૪ કરોડની** બચત કરવામાં આવી છે
- સેક્સડ્ સીમેન ડોઝના ભાવ જે અગાઉ **રૂા.૬૪૦** હતા તેમાં અનુક્રમે **રૂા.૫૯૦** અને બાદમાં **રૂા.૫૫૦** કરી સંસ્થાના **૬ કરોડ** રૂપિયા બચાવવામાં આવ્યા છે
- રાજસ્થાન ખાતે ૪૭ રૂટ બંધ કરી **રૂપિયા ૧૨ કરોડની** બચત કરવામાં આવી છે
- ઈલેક્ટ્રીકસીટી ખર્ચમાં ઘટાડો કરી બે વર્ષમાં સંસ્થાનું **રૂપિયા ૮ કરોડનું** ભારણ ઓછું કરવામાં આવ્યું છે
- પ્લાન્ટના સફાઈ કેમીકલોમાં પારદર્શક ખરીદી કરી **રૂા.૨ કરોડ** ની બચત થવા પામી છે
- નવીન પાવડર પ્લાન્ટ મશીનરીના ટેન્ડરમાં પારદર્શકતાથી ખરીદી થવાને કારણે સંસ્થાને સીધે સીધો **રૂપિયા ૯૭ કરોડનો** ફાયદો થવા પામ્યો છે
- ટેટ્રાપેક મશીનરીની ખરીદીમાં પારદર્શકતાના પરિણામે **૫૦.૧૭ કરોડ રૂપિયાનો** ફાયદો થવા પામ્યો છે
- પાવડર / ટેટ્રાપેક ના સિવીલ કામના ટેન્ડરમાં પારદર્શિતાએ કુલ **૧૬.૯૭ કરોડ રૂપિયા** બચાવ્યા છે

## 2023 મહેસાણા દૂધ સંઘને મળેલી સરકારી સહાયોની વિગતો

વર્તમાન વર્ષ ૨૦૨૩ ના સમય દરમ્યાન મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને કેન્દ્ર તથા ગુજરાત સરકાર દ્વારા વિવિધ સહાયની કુલ ૪૨.૩૧ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ મળવા પામી છે. જેમાં આપણી સંસ્થાના માલ સ્ટોક ઉપર વ્યાજ સહાય તરીકે ૧૭.૩૮ કરોડ રૂપિયા, બલ્ક કૂલરોની ખરીદીમાં રાજ્ય સરકારની ૬.૧૦ કરોડની સહાય, જગુદણ સીમેન સ્ટેશનને ૧.૭૦ કરોડની સહાય, ગ્રામીણ કક્ષાએ દૂધઘર અને ગોડાઉનોના બાંધકામ પેટે ૧.૭૫ કરોડની સહાય, ખાણદાણમાં ૨.૩૮ કરોડની સહાય તથા જગુદણ પાડા કેન્દ્રના ગોડાઉન તેમજ અન્ય સવલતો માટે રૂપિયા ૧૨ કરોડની સહાય પ્રાપ્ત થવા પામી છે. આ તબક્કે દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી.અશોકભાઈ ચૌધરી અને નિયામક મંડળના તમામ સભ્યોએ ભારત સરકાર તથા ગુજરાત સરકારની આ મદદ માટે આભાર વ્યક્ત કર્યો હતો.

ZEON A Promise of Good Health | INDIA Dairy SUMMIT & AWARDS 2023

ના સંયુક્ત ઉપક્રમે : મહેસાણા દૂધસાગર ડેરીને

## શ્રેષ્ઠ સુવિધાજનક ડેરીનો એવોર્ડ મળ્યો

### દૂધસાગરના MD ધીરજકુમારે સહર્ષ સ્વીકાર્યો




તાજેતરમાં ગત તા.૧ અને ૨ જૂન દરમ્યાન દિલ્હી ખાતે ZEON અને DAIRY SUMMIT દ્વારા ભારતની શ્રેષ્ઠ દૂધની ડેરીઓને વિવિધ સન્માન આપવામાં આવ્યા હતા. જેમાં, મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. એટલે કે આપણી ડેરીને BEST FUNCTIONAL DAIRY OF THE YEAR -2023 ના સન્માન જનક પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હથી સન્માન પ્રાપ્ત થવા પામ્યું છે. મહેસાણા દૂધસાગર ડેરીની તમામ સુવિધાઓ - સ્વચ્છતા અને આરોગ્યના દ્રષ્ટિકોણથી રાખવામાં આવતી તમામ સુવિધાઓને લક્ષમાં રાખી આ એવોર્ડનું માર્કિંગ થતું હોય છે. દૂધસાગર ડેરીને મળેલ આ સન્માન આવકાર દાયક અને પ્રોત્સાહન પુરૂ પાડશે તેવો વિશ્વાસ દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈએ વ્યક્ત કર્યો હતો. સંસ્થા વતી આ એવોર્ડ MD શ્રી.ધીરજકુમાર ચૌધરી અને અક્ષય શાહ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો.

# MIDFT

## દૂધસાગરની ગૌરવગાથા



તાજેતરમાં ગાંધીનગર ખાતે આયોજીત નવમા દિક્ષાંત સમારોહમાં દૂધસાગર ડેરીની માનસિંહભાઈ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેક્નોલોજી (MIDFT) ની 2022 બેચના BTech dairy tech ના સ્નાતક વિદ્યાર્થી વિશાલ ચૌધરીએ ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલ શ્રી.આચાર્ય દેવવ્રતજી, કેન્દ્રિય ડેરી અને મત્સ્ય ઉદ્યોગ મંત્રી શ્રી. પુરુષોત્તમ રૂપાલાજી, ગ્રામીણ અને ગૃહ નિયામક મંત્રીશ્રી. રાઘવજી પટેલ ની ઉપસ્થિતીમાં ડેરી ફેકલ્ટીના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે "વાઈસ ચાન્સેલર ગોલ્ડ મેડલ" અને "શ્રી માનસિંહભાઈ પી. પટેલ સિલ્વર મેડલ" મેળવ્યો હતો.

આ ઉપરાંત, MIDFT ની વિદ્યાર્થીની જાનવી પટેલે B.Tech (D.T) માં શ્રેષ્ઠ ગર્લ્સ સ્ટૂડન્ટ બનવા બદલ શ્રીમતિ શારદાબેન પટેલ ગોલ્ડ પ્લેટેડ સીલ્વર મેડલ અને અજયસિંહ રાજપૂતને આજ કોર્ષમાં ડેરી ટેક્નોલોજી વિષયમાં સૌથી વધુ OGPA મેળવવા બદલ શ્રી. મોતીભાઈ ચૌધરી ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ પ્રાપ્ત કરી દૂધસાગર ડેરી દ્વારા સંચાલિત MIDFT કોલેજનું ગૌરવ વધાર્યું છે. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી સાહેબે પોતાના નિયામક મંડળ વતી ઉપરોક્ત તમામ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી છે.

પાંચ લાખ પશુપાલકોની પરવા

Dudhsagar The Pride of India

## ખૂશહાલી



દૂધસાગરના વૈજ્ઞાનિક પધ્ધતિના હિમાયતી ચેરમેનશ્રી. અશોકભાઈની ઉપસ્થિતીમાં જગુદણ ખાતે IVF અને ET કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત જગુદણ ખાતે લાવવામાં આવેલ ઉચ્ચ ગુણવત્તા વાળી ગાયોમાંથી બીજ લઈને NDDB ની પ્રયોગશાળામાં ગર્ભ તૈયાર કરીને ખેડૂતના ખીલે જઈ તેમના પશુઓમાં મુકવામાં આવ્યો હતો. જેનું પ્રથમ શુભ પરિણામ વિજાપુર તાલુકાની ૧૧૫ - હાથીપુરા દૂધમંડળીના સભાસદ પટેલ સોનલબેન નિરવભાઈની ગાય દ્વારા મળવા પામ્યું છે. ગત તા.૧૫/૭/૨૦૨૩ ના રોજ આ ગાયે પ્યોર HF બચ્ચાંને જન્મ આપ્યો છે. આ બચ્ચું ૫૦ દિવસ નું કાચું વિયાણ હોવા છતાં એકદમ તંદુરસ્ત અને ૨૫ કિલો વજન ધરાવે છે.

# નિરાકરણ

૩૫૦૦ થી વધુ વિમાક્લેઈમો અને, ૧૨ કરોડ રૂપિયા જેટલી પશુપાલકોના હકની માતબર રકમ પશુપાલકોને સમર્પિત



# સાગરના સિતારા

## સૌથી વધુ દૂધ ભરાવનાર પ્રથમ દશ દૂધ ઉત્પાદકો



**1** ચૌધરી હર્ષદકુમાર મહાદેવભાઈ

**પુનાસણ દૂધ મંડળી**

રકમ : 1,61,80,214
દૂધ : 2,89,431



**2** ચૌધરી રાજીબેન જયેશકુમાર

**બાપુપુરા દૂધ મંડળી**

રકમ : 95,56,429
દૂધ : 2,44,033



**3** ભરવાડ સામંતભાઈ મહાદેવભાઈ

**ગલોદરા દૂધ મંડળી**

રકમ : 91,96,776
દૂધ : 1,85,926



**4** દેસાઈ સેજલબેન કલ્પેશભાઈ

**ઈટોદા દૂધ મંડળી**

રકમ : 84,26,169
દૂધ : 1,58,852



**5** દેસાઈ મંજૂલાબેન અશોકભાઈ

**ખેરાલુ દૂધ મંડળી**

રકમ : 74,76,286
દૂધ : 2,05,601



**6** ચૌધરી પરથીભાઈ ચેલાભાઈ

**ઉમરી દૂધ મંડળી**

રકમ : 72,78,048
દૂધ : 2,01,313



**7** પટેલ શબ્બીરભાઈ વલીભાઈ

**આદર્શ કેસીમ્પા દૂધ મંડળી**

રકમ : 67,00,195
દૂધ : 1,73,845



**8** પટેલ અશોકભાઈ ડાહ્યાભાઈ

**ગોઝારીયા દૂધ મંડળી**

રકમ : 64,68,832
દૂધ : 1,66,726



**9** પટેલ જયંતીભાઈ મોહનભાઈ

**લક્ષ્મીપુરા (ઐઠોર) દૂધ મંડળી**

રકમ : 64,42,345
દૂધ : 1,69,108



**10** ચૌધરી દિનેશભાઈ પ્રહલાદભાઈ

**હનુમાનનગર ડભાડ-ખેરાલુ દૂધ મંડળી**

રકમ : 60,20,849
દૂધ : 1,46,848

## મોતીબાપુ સૈનિક સ્કૂલનું ગૌરવ



તાજેતરમાં મહારાષ્ટ્ર ખાતે ચંદ્રપુરમાં યોજાઈ રહેલ ઓલ ઈન્ડિયા સૈનિક સ્કૂલ નેશનલ ગેમ્સમાં શ્રી.મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલની વિદ્યાર્થીની રોશીત્રા કબ્રમ્બમ એ લોન્ગ જમ્પમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ દિકરીની સફળતામાં સમગ્ર દૂધસાગર પરિવાર હર્ષની લાગણી અનુભવે છે.

## 10 દૂધ મંડળીઓ : જેમણે વર્ષ 2022- 23 માં દૂધથી સાગર છલકાવ્યો

| નં. | મંડળીનો કોડ | મંડળીનું નામ | તાલુકો | જિલ્લો | વજન (કી.ગ્રા) | રકમ(રૂ.કરોડમાં) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૪૩૧ | ખેરાલુ ભાગ દૂ.ઉ.સ.મંડળી લી. | ખેરાલુ | મહેસાણા | ૫૮,૯૪,૬૬૦ | ૨૨.૦૦ |
| ૨ | ૬૮ | ચરાડા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ગાંધીનગર | ૫૮,૨૯,૯૭૨ | ૨૧.૦૮ |
| ૩ | ૫૬ | સૌલેયા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ગાંધીનગર | ૫૭,૮૮,૫૪૬ | ૨૦.૫૮ |
| ૪ | ૫૭ | બાપુપુરા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ગાંધીનગર | ૫૧,૭૫,૭૪૮ | ૧૮.૫૫ |
| ૫ | ૧૬૦ | પામોલ દૂ.ઉ.સ. મંડળી લી. | વિજાપુર | મહેસાણા | ૫૦,૫૦,૭૭૯ | ૧૭.૭૨ |
| ૬ | ૪૮ | બાલવા દૂ.ઉ.સ. મંડળી લી. | માણસા | ગાંધીનગર | ૪૭,૫૧,૬૦૯ | ૧૭.૫૧ |
| ૭ | ૮૯૫ | મેઉ દૂ.ઉ.સ. મંડળી લી. | મહેસાણા | મહેસાણા | ૩૭,૨૭,૨૧૭ | ૧૩.૯૩ |
| ૮ | ૩૭૦ | ડાવોલ દૂ.ઉ.સ. મંડળી લી. | ખેરાલુ | મહેસાણા | ૩૬,૨૫,૧૨૭ | ૧૩.૯૪ |
| ૯ | ૪૦૦ | વિઠોડા દૂ.ઉ.સ. મંડળી લી. | ખેરાલુ | મહેસાણા | ૩૪,૬૮,૮૦૫ | ૧૩.૯૯ |
| ૧૦ | ૪૪૯ | મોટા નાયતા દૂ.ઉ.સ. મંડળી લી. | સરસ્વતી | પાટણ | ૩૪,૫૦,૬૧૬ | ૧૩.૨૩ |

## 10 વધુ દૂધ ભરાવતી મંડળીઓના ભાવવધારાની છેલ્લા 8 વર્ષની વિગતો

| નં. | દૂધ મંડળીનું નામ | ભાવ વધારો ૨૦૧૫-૧૬ | ભાવ વધારો ૨૦૧૬-૧૭ | ભાવ વધારો ૨૦૧૭-૧૮ | ભાવ વધારો ૨૦૧૮-૧૯ | ભાવ વધારો ૨૦૧૯-૨૦ | ભાવ વધારો ૨૦૨૦-૨૧ | ભાવ વધારો ૨૦૨૧-૨૨ | ભાવ વધારો ૨૦૨૨-૨૩ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ખેરાલુ | ૬૧,૮૦,૦૮૭ | ૮૫,૦૭,૪૯૯ | ૮૪,૩૦,૭૦૩ | ૧,૦૬,૦૧,૪૮૩ | ૧,૨૧,૨૬,૧૩૯ | ૯૦,૯૯,૫૫૭ | ૨,૨૯,૪૩,૦૮૫ | ૨,૬૩,૧૫,૫૯૮ |
| ૨ | ચરાડા | ૭૧,૬૦,૯૮૨ | ૧,૦૦,૪૨,૧૨૨ | ૯૨,૯૨,૯૬૮ | ૧,૧૬,૪૨,૯૪૪ | ૧,૩૪,૬૭,૫૮૨ | ૯૬,૦૫,૨૭૦ | ૨,૪૨,૫૭,૨૫૪ | ૨,૬૯,૦૭,૨૧૩ |
| ૩ | સોલૈયા | ૭૦,૮૩,૩૧૭ | ૧,૦૧,૯૪,૬૧૬ | ૯૧,૮૫,૯૫૭ | ૧,૧૨,૭૬,૮૪૬ | ૧,૩૪,૭૭,૭૦૩ | ૯૭,૬૬,૬૯૩ | ૨,૩૬,૧૫,૫૭૧ | ૨,૬૪,૪૩,૯૦૬ |
| ૪ | બાપુપુરા | ૭૪,૧૯,૦૮૦ | ૯૭,૮૭,૧૭૩ | ૯૦,૨૨,૦૪૯ | ૧,૧૦,૧૨,૩૧૭ | ૧,૨૩,૬૨,૨૪૫ | ૮૮,૯૪,૩૧૯ | ૨,૨૨,૧૨,૮૦૨ | ૨,૪૩,૩૨,૯૧૭ |
| ૫ | પામોલ | ૫૭,૫૮,૬૮૨ | ૮૦,૦૦,૫૧૩ | ૭૨,૧૯,૬૧૯ | ૮૭,૭૭,૭૬૭ | ૧,૦૫,૨૫,૮૨૨ | ૭૨,૪૦,૬૪૯ | ૧,૮૭,૨૧,૭૦૩ | ૨,૨૭,૦૫,૭૯૦ |
| ૬ | બાલવા-૧ | ૭૩,૬૯,૪૮૯ | ૯૬,૦૦,૫૪૯ | ૬૨,૭૮,૬૩૯ | ૯૦,૯૫,૨૩૮ | ૧,૦૫,૪૨,૩૨૩ | ૭૧,૪૮,૪૦૭ | ૨,૦૬,૦૭,૨૨૨ | ૨,૨૨,૨૨,૮૦૧ |
| ૭ | મેઉ-૧ | ૪૭,૧૮,૧૫૧ | ૬૨,૧૮,૭૦૩ | ૫૭,૬૫,૨૦૨ | ૬૬,૭૩,૨૦૫ | ૭૬,૧૨,૪૯૮ | ૫૭,૧૧,૩૬૬ | ૧,૪૨,૮૭,૫૩૩ | ૧,૫૬,૮૨,૯૯૬ |
| ૮ | ડાવોલ | ૨૬,૯૧,૦૮૩ | ૩૯,૩૬,૪૦૯ | ૪૧,૩૫,૮૧૪ | ૫૪,૮૫,૧૨૯ | ૭૧,૧૮,૯૬૬ | ૫૧,૮૪,૪૫૧ | ૧,૩૧,૭૨,૬૪૯ | ૧,૫૮,૫૧,૧૦૨ |
| ૯ | વિઠોડા | ૪૧,૧૪,૪૬૦ | ૫૫,૪૬,૨૮૦ | ૫૨,૪૧,૧૨૩ | ૭૦,૫૩,૭૮૯ | ૭૨,૪૬,૭૫૨ | ૫૩,૧૨,૮૬૮ | ૧,૩૬,૬૨,૯૫૧ | ૧,૬૮,૧૪,૯૫૧ |
| ૧૦ | મોટા નાયતા | ૨૪,૫૮,૧૭૬ | ૩૩,૮૦,૬૦૦ | ૩૧,૨૪,૮૩૯ | ૪૭,૮૦,૬૪૮ | ૬૬,૪૧,૫૬૧ | ૫૨,૭૨,૦૧૯ | ૧,૨૩,૨૯,૫૭૩ | ૧,૨૫,૮૬,૫૯૦ |





## દૂધસાગર આલેખનના સફળતાના બે વર્ષ પૂર્ણ

૧૯૮૫ માં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (દૂધસાગર ડેરી) દ્વારા મોતીબાપુના સમયથી શરૂ કરવામાં આવેલ મૂખપત્ર દૂધસાગર પત્રિકાને ૩૮ વર્ષ પૂર્ણ થયા - વચ્ચેના ૧૦ વર્ષો દરમ્યાન પશુપાલકો અને મહેસાણા દૂધસંઘ વચ્ચે સેતુરૂપ બનેલી આ પત્રિકાનું પ્રકાશન કોઈ કારણોસર ખોરંભે ચડ્યું હતું. ત્યારબાદ ; શ્રી અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ અસ્તિત્વમાં આવેલા નવા નિયામક મંડળ દ્વારા આ પત્રિકા નવા રૂપરંગ અને સંગની ગતિવિધીઓ પશુપાલકો સુધી પહોંચે તે માટે આ વ્યવસ્થા ફરી શરૂ કરવામાં આવી હતી. ગત મહિને દૂધસાગર પત્રિકાના નવા રૂપ-રંગ સાથેના સંકલનને બે વર્ષ સફળતા પૂર્વક પૂર્ણ થતાં ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી અને MD શ્રી. ધીરજકુમારને બે વર્ષના અંકોનું સંપાદન પુસ્તકરૂપે અર્પણ કરવામાં આવ્યું હતું.



# દૂધ સાથે વૃક્ષ પ

ચોમાસાની શરૂઆત થઈ ત્યારે મહેસાણા
ગત વર્ષની જેમ આ વર્ષે પણ સંકલ્પબદ્ધ
ચૌધરી એ વૃક્ષારોપણ કરી તેનો શુભારં
મહેસાણા - પાટણ - ગાંધીનગર જીલ્લાન
દૂધસાગર પત્રિકા ની સાક્ષીએ

















# ણ ... દૂધસાગરનો વૃક્ષમેઘ યજ્ઞ

દૂધસાગર ડેરી પોતાના કાર્યક્ષેત્રમાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય તે માટે
ા છે. દૂધસાગર ડેરીના પ્રટાંગણમાં દૂધસાગરના ચેરમેનશ્રી અશોકભાઈ બી.
મ કરાવ્યો હતો. ત્યારબાદ વૃક્ષારોપણનો દૂધસંઘના કાર્યક્ષેત્રમાં આવતી
ી વિવિધ દૂધ મંડળીઓએ ઉત્સાહપૂર્વક આગળ વધાર્યો છે જેની એક ઝલક


















# વરસાદમાં DORB પલળી ગયાની વાહિયાત બૂમરાડ વચ્ચે



આને કહેવાય વહિવટીય **કૂશળતા**

## સાગરદાણના કાચા માલની સમયસરની ખરીદીથી ડેરીને ₹ 11,97,50,000 ફાયદો થયો

થોડાક દિવસો અગાઉ જગુદણ સાગરદાણ ફેક્ટરી ખાતે મુકાયેલું DORB (ડ્રાય ઓઈલ રાઈસ બ્રાન્ડ) વરસાદના કારણે પલળી ગયું છે અને તેનાથી મહેસાણા દૂધસંઘને કરોડો -કરોડોનું નુકશાન થયું છે. આ પ્રકારની, નિમ્ન અને હલકી કક્ષાની અફવા ફેલાવી સંસ્થા તથા તેના આજના વહિવટદારોને બદનામ કરવાના મિથ્યાપ્રયાસ રૂપે આચરવામાં આવેલા ષડયંત્ર વચ્ચે જેમ "વાદળો વધારે દિવસ સુધી સૂર્યના અસ્તિત્વને છૂપાવી શકતા નથી " તેમ આ સંસ્થા સાથે જોડાયેલા લાખો-લાખો પશુપાલક સભાસદો - આજના દૂધસાગરના પવિત્ર અને પારદર્શક વહિવટના શુભ પરિણામો અનુભવી રહ્યા છે. સાગરદાણની બનાવટમાં વપરાતા અનેક રો-મટેરિયલ્સ પૈકી એક રો-મટેરિયલ્સનું નામ DORB છે : આ DORB એટલે ડ્રાય ઓઈલ રાઈસ બ્રાન્ડ જે ચોખા ઉત્પાદન વખતે પ્રાપ્ત થતો એક પશુઆહાર છે. સાગરદાણ બનાવતી વખતે આ DORB ને વરાળ અને મોલાસીસથી પલાળી સાગરદાણની કેપ્સૂલ (લીંડી) માં પરિવર્તીત કરવામાં આવે છે. હમણાં DORB પલળી ગયું અને કરોડોનું નુકશાન થયું તેવી અજ્ઞાનતાથી અફવા ફેલાવનારા લોકોએ જાણી લેવું જોઈએ કે ; આ રીતે પલળી ગયેલ DORB કોઈપણ સંજોગોમાં ખરાબ થતું નથી અને તેનાથી સંસ્થાને રાતીપાઈનું પણ નુકશાન થવા પામ્યું નથી. બીજું, સત્તા પરિવર્તન બાદ દૂધસાગરની જેઓને આટલી બધી ચિંતા સતાવે છે તે લોકો જ્યારે સત્તા ઉપર હતા ત્યારે દૂધસાગરના પૈસાથી સખાવતો અને મોંઘી દિવાલો જેવા વાહિયાત ખર્ચાઓ કરતા હતા ત્યારે, તેમણે જગુદણ ખાતે આ રો-મટેરિયલ્સ મુકવાના શેડ તૈયાર કેમ ન કરાવ્યા ? આ કડવો અને વાસ્તવિક સવાલ આજે પણ જે - તે સમયના એ સત્તાધીશો સામે પાપકર્મ બનીને ઉભો છે !! ખેર, અંધકાર માત્ર સત્ય છે તેવી ભ્રમણાઓનું ભ્રમિત વાતાવરણ ઉભું કરવાના મિથ્યા પ્રયાસ વચ્ચે દૂધસાગરના વર્તમાન નિયામક મંડળના એક માત્ર ચેતનવંતા નિર્ણયથી જગુદણ સાગરદાણ ફેક્ટરીને રૂપિયા ૧૧,૯૭,૫૦,૦૦૦ (અગિયાર કરોડ, સત્તાણું લાખ, પચાસ હજાર) નો સીધો ફાયદો કેવી રીતે થયો ? એ તરફ પશુપાલકોએ નજર કરવી જોઈએ :

> હાલ આપણી પાસે ઉપલબ્ધ DORB પ્રતિ મેટ્રીક ટન આપણને આજના બજારભાવથી રૂા. ૫૮૫૦ સસ્તું મળવા પામ્યું છે. એ રીતે, આપણે આપણી વહિવટીય કૂશળતાથી DORB ની ખરીદીમાં હાલ, ૮,૭૭,૫૦,૦૦૦ રૂપિયાનો સીધો ફાયદો મેળવ્યો છે.

> આપણું ખરીદેલું મોલાસીસ પ્રતિકિલોએ ત્રણ રૂપિયા વીસ પૈસા સસ્તું મળવા પામ્યું હોવાથી ૧૦૦૦૦ MT મોલાસીસની ખરીદીમાં સંસ્થાને ૩ કરોડ અને ૨૦ લાખ રૂપિયાનો સીધો ફાયદો થવા પામ્યો છે.

ગત, ફેબ્રુઆરી ૨૦૨૩ સુધી દૂધસાગરના વર્તમાન શાસકોએ DORB ની તેજી-મંદીના બજારને ધ્યાનમાં રાખી યોગ્ય સમયે માલ સ્ટોક કરવાનો અભિગમ અપનાવી ઉપરના સમયગાળા દરમ્યાન ૧૫૦૦૦ MT વધારાની ખરીદી ૧૫,૪૦૦ પ્રતિ મેટ્રીક ટન ના ભાવે DORB નો સ્ટોક કરી લીધો હતો. જેનો આજનો પ્રતિટનનો ભાવ ૨૧,૨૫૦ છે. આ ગણતરીએ, હાલ આપણી પાસે ઉપલબ્ધ DORB પ્રતિ મેટ્રીક ટન આપણને આજના બજારભાવથી રૂા. ૫૮૫૦ સસ્તું મળવા પામ્યું છે. એ રીતે, આપણે આપણી વહિવટીય કૂશળતાથી DORB ની ખરીદીમાં હાલ, ૮,૭૭,૫૦,૦૦૦ રૂપિયાનો સીધો ફાયદો મેળવ્યો છે.

આજ રીતે, મોલાસીસ (ગોળની રસી) ની ખરીદીમાં પણ, કૂશળ વહેપારીને શોભે તેમ આપણે માર્ચ ૨૦૨૩ દરમ્યાન ૧૦૦૦૦ MT મોલાસીસનો વધારાનો સ્ટોક ઓછા ભાવે મળે તે સમય દરમ્યાન કરી લીધો હતો. સમયાંતરે આપણે કરેલ મોલાસીસનો એવરેજ ખરીદ ભાવ કિલોએ રૂપિયા ૧૩ પડવા પામ્યો છે - આજની તારીખે મોલાસીસનો છેલ્લો બજાર ભાવ પ્રતિકિલો રૂપિયા ૧૬.૨૦ છે. આ ગણતરીએ આપણું ખરીદેલું મોલાસીસ પ્રતિકિલોએ ત્રણ રૂપિયા વીસ પૈસા સસ્તું મળવા પામ્યું હોવાથી ૧૦૦૦૦ MT મોલાસીસની ખરીદીમાં સંસ્થાને ૩ કરોડ અને ૨૦ લાખ રૂપિયાનો સીધો ફાયદો થવા પામ્યો છે.

ઉપરોક્ત બંને ખરીદીઓમાં માત્ર વહિવટીય કૂશળતાના કારણે સંસ્થાને ૧૧ કરોડ, ૯૭ લાખ અને ૫૦ હજાર ફાયદો થવા પામ્યો છે. વહિવટની આ જાગૃતિ અને સજ્જનતાના પરિણામે આપણે કોઈપણ જાતના નુકશાન વગર આપણા કાર્યક્ષેત્રના પશુપાલકોને ગુજરાતમાં ઉત્તમ ક્વોલિટીનું સાગરદાણ સૌથી સસ્તા ભાવે આપી રહ્યા છીએ. આવી જ, વહિવટીય સૂજબુઝ દૂધસાગરનું વહિવટીય તંત્ર તમામ ખરીદીઓ માં રાખી રહ્યું છે. પાવડર પ્લાન્ટની મશીનરી હોય કે મકાન - કરોડો રૂપિયા કરકસરથી કેવી રીતે બચાવી શકાય અને પશુપાલકોને વધુમાં વધુ દૂધના તથા નફાના પૈસા કેવી રીતે આપી શકાય તેની પવિત્રતા આજની દૂધસાગર ડેરી પાસેથી શીખવા જેવી છે.

વિતેલા અઢી વર્ષોમાં મળેલા દૂધના ભાવ અને ભાવ વધારો એ સૂશાસનનું પ્રતિક છે. પશુપાલકોમાં અત્યારે વિશ્વાસનું વાતાવરણ છે

ગત સાધારણ સભામાં પશુપાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખી લેવાયેલા વીમાલક્ષી નિર્ણયો દૂધસાગરની અમૂલ્ય ભેટ છે

દૂધસાગરમાં પશુસારવાર અંગેની વિઝીટ ફીમાં ઘટાડો અને વેટરનરી વિભાગની ઈમરજન્સી સર્વિસ અંગેની તત્પરતા પ્રશંસનીય છે

# વાત છે વિકાસની ! દૂધસાગરના વિશ્વાસની

## દૂધસાગર પત્રિકાની રૂબરૂ મૂલાકાત : શ્રેષ્ઠ દૂધ મંડળીઓ અને ઉત્તમ પશુપાલકો સાથે

### આ વર્ષના સૌથી મોટા વ્યકિતગત દૂધ ઉત્પાદક શ્રી ગોગા ડેરી ફાર્મ ના સંચાલક શ્રી. માવજીભાઈ ચૌધરી સાથે મૂલાકાત



તા.૨૮ જૂલાઈ ની વહેલી સવારે અમે મહેસાણા દૂધસંઘના સૌથી મોટા વ્યક્તિગત દૂધ ઉત્પાદક શ્રીમતી. ભારતીબેન હર્ષદભાઈ ચૌધરીના જગુદણ ખાતેના ડેરી ફાર્મ હાઉસમાં ગયા. અહીં અમારી મૂલાકાત ભારતીબેનના પિતાશ્રી. માવજીભાઈ ચૌધરી સાથે થઈ. આ પરિવાર ૩૧ ગાયો, ૧૭૨ ભેંસો, ૫૫ પાડીઓ, ૧૭ વાછરડાં અને ૫૦ માણસો સાથે આ સમગ્ર તબેલાનું સંચાલન થાય છે. ભૂતકાળમાં ઉંઝા તાલુકાના પ્રતાપગઢ ગામની દૂધ મંડળીમાં મંત્રી તરીકે વર્ષો સુધી સેવા આપનાર માવજીભાઈ ચૌધરીએ દૂધ સાગર પત્રિકા સાથે વાત કરતાં વિતેલા બે વર્ષોથી મહેસાણા દૂધસાગર ડેરીનું વહિવટીય સંચાલન ખૂબ જ ઉત્તમ પ્રકારની કામગીરી કરી રહી હોવાનું અમને ઓન કેમેરા જણાવ્યું. દૂધના ભાવ હોય - ભાવ વધારો - વીમા સુરક્ષામાં કરવામાં આવેલા સુધારા પશુપાલકલક્ષી હોવાનું જણાવી તેઓએ ડેરીની વેટરનરી વિભાગની કામગીરી અને વિઝીટ ફીમાં થયેલ ઘટાડાને બિરદાવતાં હાલમાં પશુપાલનના ધંધામાં વિશ્વાસ અને સુરક્ષાના વાતાવરણથી હવે, આ વ્યવસાયમાં વધુ લોકો જોડાશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

### એક વીઘો જમીન – અને – ૯૫ લાખથી વધારે દૂધ આવો મળીએ મહેસાણા દૂધસંઘના બીજા નંબરના પશુપાલક શ્રીમતી. રાજીબેન ચૌધરીને

માણસા તાલુકાનું બાપુપુરા ગામ એટલે જ્ઞાનપીઠ પુરસ્કાર ધરાવતા લબ્ધ પ્રતિષ્ઠિત લેખક શ્રી.રઘુવીરભાઈ ચૌધરી અને દૂધસંઘના બીજા નંબરના મહિલા દૂધ ઉત્પાદક શ્રીમતી. રાજીબેન જયેશભાઈ ચૌધરીનું ગામ ! રાજીબેનના તબેલામાં ૩૦ ભેંસો અને ૨૨ ગાયોની વચ્ચે ચોમાસાના રમ્ય વાતાવરણમાં ખાટલા ઉપર બેસી તેમની સાથે પશુપાલનના વર્તમાન ધંધાની વાતો કરવાની એક અલગ જ મઝા અમને આવી !



રાજીબેન પાસે ૩૦ ભેંસો અને ૨૨ થી વધુ ગાયો છે. નવાઈની વાત તો એ છે કે, તેઓ માત્ર પોતાની માલિકીની એક વીઘો જમીન ધરાવે છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં રાજીબેને જણાવ્યું કે ; અશોકભાઈ ચૌધરીના નિયામક મંડળના આગમન બાદ વિસ્તારમાં સોનાનો સૂરજ ઉગ્યો છે. આજે દૂધના ભાવ અને ભાવવધારાથી અમારી કાળી મજૂરીની સાચી કિંમત થઈ રહી છે. પશુસારવારની ઓછી કિંમત નાના મોટા સૌ પશુપાલકો માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. ગત સાધારણ સભામાં પશુપાલકો માટે જીવન અને અકસ્માત વીમાના ઉંમરના વધારા સાથેના નિર્ણયને આવકારતાં અશોકભાઈ વર્ષો સુધી દૂધસાગરની સેવા કરતા રહે તેવી શુભકામનાઓ પાઠવી અમને પિયરથી સગા ભાઈ આવ્યા હોય તેવી સરભરા સાથે વિદાય આપી.

### દૂધના ધંધાને આપણા વિસ્તારમાં છેલ્લા દશ વર્ષથી ભારે અન્યાય થયો છે હવે, એવું લાગે છે કે આ ધંધો ટકી જશે એટલું જ નહીં એમાં ચાર ચાંદ લાગશે

દૂધસાગરમાં ૯૧ લાખ ૯૬ હજાર થી વધારે રૂપિયાનું દૂધ ભરાવનાર સામંતભાઈ ભરવાડના શબ્દો



મહેસાણા દૂધસંઘમાં વ્યક્તિગત દૂધ ઉત્પાદક તરીકે ત્રીજા નંબરનું સ્થાન ધરાવતા ભરવાડ સામંતભાઈ મહાદેવભાઈ ગલોદરા ખાતે પોતાનું ડેરી ફાર્મ ધરાવે છે. તેઓએ આ વર્ષે ૧,૮૫,૯૨૬ લિટર દૂધ જેની કુલ કિંમત ૯૧,૯૬,૭૭૬ જેટલી થવા જાય છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં

સામંતભાઈ જણાવે છે કે ; નવા વહિવટથી દૂધના વ્યવસાયને જીવતદાન મળી ગયું છે. એક તબક્કે કાળી મજૂરી અને વેઠ કરી જાણે જીવતા હોય તેવો અનુભવ થતો હતો. કારણ કે, ગમે એટલું દૂધ ભરાવીએ તોયે ઠેર ના ઠેર ! કંઈ બચતું જ નહોતું ! વર્ષના અંતે આંકડા મિલાવીએ એટલે ધંધો બંધ કરી દેવાનું મન થાય. એ સ્થિતી હતી. આજે દૂધના ભાવ - દૂધનો ભાવ વધારો - પશુસારવારની વિઝીટ ફી અને પશુપાલકોને વીમામાં આપવામાં આવેલી ઉદારતા એ પરમાત્માની મહેર થઈ હોય એવું લાગે છે. હું અત્યારના વહિવટથી ખૂબ પ્રભાવીત અને ખુશ છું. બસ ડેરીમાં આવો જ વહિવટ ચાલતો રહે તેવી માતાજીને પ્રાર્થના.

## ત્રણ વર્ષ અગાઉ દૂધના ધંધામાં નિરાશાનું વાતાવરણ છવાઈ જતાં એક તબક્કે અમે અમારું દૂધ ચાણસ્મા તાલુકાના ઈંટોદાથી અમદાવાદના બજારમાં વેચવા જતા હતા : સેજલબેન દેસાઈ

૨૦૦ બની ભેંસ ધરાવતા દૂધસાગરના ચોથા ક્રમના શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક સાથે પત્રિકા મૂલાકાત



વરસતા વરસાદની એક ખૂશનુમા વહેલી સવારે અમે દૂધસાગર પત્રિકાના રૂપમાં પહોંચ્યા ચાણસ્મા તાલુકાના ઈંટોદા ગામે ! અહીં દૂધસાગર ડેરીના ચોથા ક્રમાંક માં આવતા મહિલા દૂધ ઉત્પાદક શ્રીમતી. સેજલબેન કલ્પેશભાઈ દેસાઈને મળ્યા. ૧૦ વીઘા જમીનમાં ઉત્તમ પશુપાલન કરતાં સેજલબેનનો સમગ્ર પરિવાર આ દૂધના ઉજળા ધંધા સાથે સંકળાયેલો છે. હાલમાં, તેઓ રોજ ૬૦૦ લિટર દૂધ મંડળીમાં ભરાવે છે. ૬ ગાયો અને ૨૦૦ બની ભેંસો સાથે આશરે ૨૨૫ જાનવરો ધરાવતા સેજલબેન યુવાન છે અને શિક્ષીત છે. તેઓની જન્મથી લઈને આજ સુધીની પરવરીશ સુરત જેવા મહાનગરમાં થઈ છે. આમ તો ૨૫ વર્ષ જુનો આ ધંધો તેમનો સાસરીપક્ષ ધરાવે છે. પરંતુ, લગ્ન બાદ સ્વેચ્છાએ - અંતરની ખુશીથી સેજલબેને પણ પોતાના પતિ કલ્પેશભાઈ, સાસુ કાન્તાબેન અને વટવૃક્ષ જેવા સસરા ગાંડાભાઈ અને દિયરને સાથે રાખી આ ધંધો બેખૂબીથી સંભાળી લીધો છે. અમારી સાથે વાત કરતાં સેજલબેને જણાવ્યું કે ; અશોકભાઈના આગમન બાદ આ ધંધો વિકસાવવાનું ઉત્તમ વાતાવરણ હવે પેદા થયું છે. આજથી ત્રણ વર્ષ અગાઉ અમારી મહેનતનું ફળ અમને મળતું ના હોવાથી અમે પીકઅપ ડાલુ વસાવી મારા પતિ અને દિયર અહીંનું દૂધ છેક અમદાવાદ વેચવા જતા હતા. અમે, આશરે આઠ માસ સુધી આ વેચાણ ચાલુ રાખ્યું. પણ, અશોકભાઈ અને તેમના નિયામક મંડળના સભ્યોના આવ્યા બાદ જે વારંવાર દૂધના ભાવ વધતા રહ્યા અને દૂધનો ભાવ વધારો પણ મજબૂત રીતે અમને મળતો રહ્યો તેનાથી હાલમાં અમે તમામ દૂધ મહેસાણા સંઘમાં ભરાવીએ છીએ. અશોકભાઈ દ્વારા શ્રેષ્ઠ પશુપાલકોને દર વર્ષે સાધારણ સભામાં ડેરીમાં બોલાવી સન્માનિત કરવામાં આવે છે તેનાથી અમને પ્રેરણા મળી અને ગઈ સાલમાં અમારો નંબર ૭ મા ક્રમે હતો અમે મહેનત કરી આ વર્ષે ચોથો ક્રમ પ્રાપ્ત કર્યો છે જે હજી આગળ વધારતા રહીશું. હાલના મેનેજમેન્ટનું એકવાર નિશ્ચિત થયેલા ભાવ અને ભાવ વધારો ન ઘટાડવાનું વચન અમારા માટેની સૌથી સુરક્ષિત ભેટ છે. હાલમાં, દૂધસાગરની પશુ સારવાર સેવા અને તબેલા ઉપર દર મહિને વેટરનરી ડૉક્ટરનું નિયમિત આગમન તથા પશુપાલકોને વીમા કવચથી વધુ સુરક્ષિત કરવાની યોજનાઓ માટે તેઓ સંસ્થાના ચેરમેનશ્રી. તથા નિયામક મંડળને ખૂબ અભિનંદન આપી અમારી સમક્ષ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

## આજની દૂધસાગરે પશુપાલકોને હતાશામાંથી બહાર કાઢ્યા છે : અશોકભાઈ દેસાઈ (ચૌધરી)

શ્રેષ્ઠ પાંચમા દૂધ ઉત્પાદક - મંજૂલાબેનના આંગણેથી (ખેરાલુ)



મહેસાણા દૂધસાગર ડેરીમાં આ વર્ષે ૭૪ લાખ થી વધુ દૂધ ભરાવનાર પશુપાલક શ્રીમતી. મંજૂલાબેન અશોકભાઈ ચૌધરી (દેસાઈ) એ સર્વશ્રેષ્ઠ પશુપાલકોમાં પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આમ તો, ખેરાલુથી નજીક રોડ ઉપર પોતાનો તબેલો ધરાવતા મંજૂલાબેન અને અશોકભાઈ બંને સાથે મળી આ વ્યવસાયને ગતી આપી રહ્યા છે. દૂધસાગર પત્રિકાની અમારી મૂલાકાત દરમ્યાન અશોકભાઈએ સૌથી પહેલાં તો સંસ્થાના ચેરમેન અશોકભાઈને ડેરીમાંથી અંધારા ઉલેચવા બદલ તેમનો આભાર અને અભિનંદન એક સાથે વ્યક્ત કર્યા. તેઓએ જણાવ્યું કે નવા નિયામક મંડળે સહેજ પણ પાછી પાની કર્યા વગર દૂધના ભાવ અને દૂધનો ભાવ વધારો ટૂંકા ગાળાના શાસનમાં વધારી નિયતી અને આવડત બંનેના દર્શન કરાવ્યા છે. પહેલાં સંઘનો ભાવ વધારો ૪% થી પાંચ ટકા ભાવ વધારો મળતો હતો. હવે તે ૧૪% થી ૧૫% મળે છે. એમાં મંડળીનો ભાવ વધારો ઉમેરાય એટલે પશુપાલકને ૨૪% થી ૨૫% કુલ ભાવવધારો મળે. આવી રૂડી સ્થિતીમાં હવે દૂધસાગર ફરી ધબકતી થશે તેનો મને વિશ્વાસ છે. ભેંસ માં સાત ફેટ આવે તોયે લિટરે ૧૦ થી ૧૨ રૂપિયા વધારે મળે. અમારી ગાયોમાં પણ લિટરે અમને ૮ થી ૯ રૂપિયા વધારે મળે છે. અમે રોજનું ૫૦૦ - ૬૦૦ લિટર દૂધ ભરાવીએ એટલે હાલમાં, રોજના ૪૦૦૦ થી ૪૫૦૦ રૂપિયા પહેલાં કરતાં વધારે મળે છે. હાલમાં દૂધસાગરની પશુસારવાર સસ્તી અને શ્રેષ્ઠ છે એતો આખી દુનિયા જાણે છે. વીમા માં અશોકભાઈ આટલી નવી અને સારી બાબતો ઉમેરી લાવ્યા એ તો વખાણીએ એટલું ઓછું ! અમારા છેલ્લા પ્રશ્નનો વટબંધ જવાબ આપતાં અશોકભાઈ બોલ્યા : અશોકભાઈની ટીમને હું દશમાંથી દશ માર્કસ આપું છું. અશોકભાઈ સાથેની અમારી આ વાતચીત દરમ્યાન ઓફ કેમેરા અમારી તેમના ધર્મપત્ની શ્રીમતી મંજૂલાબેન સાથ પણ વાત થઈ. મંજૂલાબેને અમને જણાવ્યું કે હું જન્મથી પશુપાલનના ધંધા સાથે જોડાયેલી છું અને જીંદગીમાં પહેલીવાર મને આ ધંધામાં બે પૈસાની બચત દેખાઈ રહી છે. દૂધસાગરના ચેરમેન અશોકભાઈના આવ્યા પછી જ મેં મહેસાણાની ડેરી જોઈ !

## હસતાં હસતાં દૂધના ધંધામાં મુસીબતો વચ્ચે સફળતાને વરેલા પરથીભાઈ ચૌધરી

**શ્રેષ્ઠ દૂધ ઉત્પાદક નં.૬ - ઉમરી (સતલાસણા)**



ગત રાત્રીએ સતલાસણા તાલુકામાં ૪ ઈંચ વરસાદ થવા પામ્યો હતો. આમ તો, આ જમીન રેતાળ હોવાથી ખેતરોમાં પાણી ભરાયેલા નહોતા જોવા મળતા પણ નેળીયાઓમાં પાણી ભરાઈ જતાં અમે સતલાસણા તાલુકાના ઓરડા ગામથી આશરે ત્રણ કિલોમીટર દૂર ઉમરી ગામની સીમમાં દૂધસાગરમાં આ વર્ષે વ્યક્તિગત દૂધ ભરાવનાર છઠ્ઠા ક્રમના દૂધ ઉત્પાદક શ્રી.પરથીભાઈ ચેલાભાઈ ચૌધરીના તબેલા ઉપર પહોંચ્યા. એક બરમૂડો અને ગંજી પહેરીને વરસાદી વાતાવરણમાં હસતાં હસતાં - ઠઠ્ઠા મશ્કરીના મૂડ ધરાવતા પરથીભાઈ સાથે અમે વાતો કરી. ધીમે બોલ્યા પણ મક્કમ બોલ્યા !! પહેલા તો એમણે કહ્યું : મજૂરી વિના ક્યાંય રૂપિયો નથી. દૂધસાગરમાં દૂધના ભાવ અને દૂધનો ભાવવધારો પહેલા ક્યારેય ના જોયો હોય એટલો મોટો છે. મજૂરી કરવાની તાકાત હોય તો હાલ ખાલી ભાવવધારાના નફાના પૈસાથી પણ પ્રોફેસર કરતાં વધુ પગાર મેળવી શકાય તેવું વાતાવરણ છે. વેટરનરી - વીમો બધા કામ પશુપાલકોના હિતમાં થઈ રહ્યા છે. પહેલાં મેં ડેરી એક વાર જોઈ હતી. અશોકભાઈના આવ્યા પછી હવે આ ઈનામ લેવા અશોકભાઈ સામેથી બોલાવે છે એટલે મન રાજી થાય છે. ભગવાને આ ઢોર રાખનારાઓનો અવાજ સાંભળ્યો છે એટલે મેહાંણા ડેરીમાં બધા ભગવાનના માણસો આવ્યા છે.

## ચાર પાંચ વર્ષ પહેલાં તબેલો વિખેરી નાખવાનું મન થયું હતું - પોસાતું ના હોય તો કોણ મજૂરી કરે ?

**મહેસાણા દૂધ સંઘના સાતમા શ્રેષ્ઠ પશુપાલક શબ્બીર ભાઈના દિકરા હસનભાઈ સાથે એક મૂલાકાત**



ભારતના વડાપ્રધાન અને વૈશ્વિક નેતા એવા ઉત્તર ગુજરાતના યુગ પુરૂષ પુત્ર શ્રી.નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ - માદરે વતન વડનગરથી થોડાક કિલોમીટર દૂર અમે આદર્શ કેસીમ્પા ગામની એક સવારે મૂલાકાત લીધી. અહીં દૂધસાગર ડેરીના શ્રેષ્ઠ દૂધ ઉત્પાદકો પૈકી એક સાતમા ક્રમના દૂધ ઉત્પાદક પટેલ શબ્બીરભાઈ વલીભાઈનો ઉત્તમ ગાયોનો તબેલો આવેલો છે. કોઈ કારણોસર શબ્બીરભાઈ સાથે અમારી મૂલાકાત ના થઈ શકી. પરંતુ, આ ધંધાને સમગ્ર રીતે સંભાળતા તેમના દિકરા હસનભાઈ સાથે અમે વાત કરી દૂધના ધંધાને તથા આજના દૂધસાગરના વાતાવરણને જાણવાનો પ્રયત્ન કર્યો. મહોરમનો પવિત્ર તહેવાર (તાજીયા) ચાલી રહ્યો હતો અને હસનભાઈના ઉપવાસ ચાલુ હતા. તેઓએ જણાવ્યું કે ચાર-પાંચ વર્ષ અગાઉ આ તબેલો વિખેરી નાખવો પડે તેવી દશા આવી હતી. પણ આજે અલ્લાહતાલાની મહેરબાનીથી મોટા અને નાના તમામ પશુપાલકો બચી ગયા છે. તેઓ સત્તર - અઢાર વર્ષથી આ ધંધો કરે છે. હવે દૂધ અને તેના ભાવ સૌથી વધુ છે એટલે ધંધો વધારવાનું પણ મન થાય એ સ્વાભાવિક છે. મોંઘવારીના જમાનામાં દૂધના ભાવોમાં વધઘટ કોઈપણ પશુપાલકને પોસાય તેમ નથી. એટલે અશોકભાઈ દ્વારા ભવિષ્યમાં ભાવ ન ઘટાડવાનું વચન અમારા માટે સૌથી મોટી સુરક્ષા છે. વીમામાં અને વેટરનરી સેવામાં દૂધસાગર આજે સૌથી શ્રેષ્ઠ છે.

## દૂધસાગરના હાલના વહિવટને આપણા દશમાંથી પૂરા દશ માર્કસ

**ગોઝારીયાના આઠમા ક્રમના દૂધ ઉત્પાદક અશોકભાઈ પટેલના શબ્દો**



મહેસાણા દૂધસાગર ડેરીની આ સાધારણ સભામાં પશુપાલકોની માગણી વગર વીમાની જે રકમ અને ઉંમર વધારમાં આવી તે જેવો તેવો નિર્ણય નથી. ૩૫ હજારના એક લાખ રૂપિયા અને ૫૯ વર્ષને ૬૫ વર્ષ કરવાથી આખા વિસ્તારના પશુપાલકો એક સુરક્ષા કવચથી સુરક્ષિત થવા પામ્યા છે. આ નિર્ણયના શુભ પરિણામો હાલ ભલે આપણને ના દેખાતા હોય પણ તમે જોજો ... આવનાર સમયમાં દુખ આવશે ત્યારે ડેરી તમારે પડખે ઉભી હોય એવું જોવા મળશે. દૂધના છેલ્લા બે વર્ષના ભાવવધારા એ પણ અગાઉ કરતાં કેટલા ગણા મોટા ! ૩૨૧ કરોડ અને ૩૭૫ કરોડ આ રકમ આપવા માટે અશોકભાઈ ચૌધરી અને તેમની ટીમને કેટલો પરસેવો પડ્યો હશે એની કલ્પના હું કરી શકું છું. આજે દૂધસાગરના પશુ ડૉક્ટરોની સેવા ઉત્તમ છે અને વિઝીટ ફી વ્યાજબી છે. આવા ઉત્તમ વાતાવરણમાં દરેકને લાભ મળે તેવા સંજોગોમાં દૂધસાગર ડેરી ફરી પોતાના ભવ્ય ભૂતકાળને પરત મેળવશે. હું અશોકભાઈ ડાહ્યાભાઈ પટેલ દૂધસાગરના હાલના વહિવટને દશમાંથી દશ માર્કસ આપું છું.

## બે-અઢી વર્ષથી દૂધસાગર દ્વારા અમને બહું લાભો મળી રહ્યા છે : જયંતીભાઈ પટેલ

**લક્ષ્મીપુરા - ઐઠોર (ઉંઝા) ના નવમા ક્રમના દૂધ ઉત્પાદક**



ઐઠોર નજીકના લક્ષ્મીપુરા ગામમાં ઘર નજીક જ તબેલો ધરાવતા જયંતીભાઈ મોહનભાઈ પટેલ એટલે એક કૂશળ ૨૫ વર્ષના અનુભવી દૂધ ઉત્પાદક ! આશરે ૬૫ લાખ રૂપિયાનું

વાર્ષિક દૂધ ભરાવનાર જ્યંતીભાઈ પટેલના તબેલાની ખાસિયત એ છે કે આખો તબેલો તમને સુઈ જવાનું મન થાય એવો સ્વચ્છ અને સુંદર ! તબેલાના મુખ્ય દરવાજા ઉપર એક તાળું મારો એટલે કુતરું પણ ના આવી શકે એવું ઠા-બંધ આયોજન !! અમારી સાથે વાત કરતાં જ્યંતીભાઈએ જણાવ્યું કે ; મહેસાણા દૂધસાગર ડેરીમાં મારે ક્યારેય મારા છોકરાને અથવા સબંધીને નોકરી મુકવાની ભલામણ કરવા નથી આવવાનું એટલે હું તો જે છે એ સાચું જ કહીશ !! છેલ્લા બે અઢી વર્ષથી દૂધના ધંધામાં પ્રાણ ફુંકાયો છે અને તે જશના અધિકારી મહેસાણા ડેરીના ચેરમેન શ્રી. અશોકભાઈ અને તેમના નિયામક મંડળના સભ્યો છે. અમારો પરિવર્તન પેનલને આપેલો મત આજે લેખે લાગ્યો છે. ત્રણ વર્ષ પહેલાં ભાવ વધારો એ માત્ર દેખાવ પુરતો થતો ખેલ હતો. આ બે વર્ષોમાં મળેલા દૂધના ભાવ અને દૂધનો ભાવ વધારો ઉડીને આંખે વળગે તેવો છે. ભાવ મળે તો ધંધો કરવાનો ભેજ પણ પગને મળે છે !! મને તો આ વાતાવરણ જોઈ હવે ધંધો વધારવાનું મન થયું છે. બે પૈસા મળતા હોય તો કોઈપણ વ્યકિતને એ ધંધા પ્રત્યે આકર્ષણ થાય એ સ્વાભાવિક છે. વીમાની રકમમાં અને ઉંમરમાં કરવામાં આવેલ ફેરફારો એ તો સોનામાં સુગંધ ભળે તેટલું ઉત્તમ કામ કર્યું છે. દૂધસાગરની વેટરનરી વિભાગની સર્વિસ અને તેની ઓછી ફી થી હું અને તમામ પશુપાલકો રાજી છીએ. આવા શુધ્ધ અને પવિત્ર વહિવટથી જ સૌનું ભલું થતું હોય છે.

## લમ્પીના રોગમાં અમારું દૂધ ઘટ્યું હોવા છતાં દૂધસાગરના હાલના સારા વહિવટથી અમને ઓછા દૂધમાં પણ ભાવ વધુ મળ્યા છે

**હનુમાન નગર ડભાડ (ખેરાલુ ) થી દિનેશભાઈ ચૌધરીની એક મુલાકાત**



મહેસાણા દૂધસાગર ડેરીમાં વર્તમાન વર્ષે દશમા ક્રમે આવેલ ખેરાલુ ના હનુમાન નગર ડભાડ ના પશુપાલક ચૌધરી દિનેશભાઈ પ્રહલાદભાઈ ના તબેલાની અમારી રૂબરૂ મુલાકાત દરમ્યાન અમને તેમના ભાભી સરોજબેન ચૌધરી અને એજ પરિવારના સભ્ય જતનબેન સાથે વાત કરવાની તક મળી. આ પરિવાર ૧૮ મહેસાણી ભેંસો અને ૪૦ ગાયો ધરાવે છે. દૂધસાગર ડેરીથી ખુશ છો ? આ સવાલના જવાબમાં દિનેશભાઈ બોલ્યા : સાહેબ, ત્રણ વર્ષ પહેલાં અમને ભાવવધારો ખૂબ ઓછો મળતો હતો. દૂધસાગરમાં વહિવટ બદલાયા પછી ગયા વર્ષે મને અને મારા પરિવારને ૧૦ લાખ રૂપિયા મળવા પામ્યા છે અને આ વર્ષે ૧૪ થી ૧૫ લાખ નફો મળવાનો અંદાજ છે. ૬૫૦ વાળા દૂધના ખરીદ ભાવ હાલ ૮૧૦ છે. વળી, વધારેલો ભાવ ફરી કદી નીચે નહીં આવે તેવો અશોકભાઈની વાત ઉપર અમને વિશ્વાસ છે. હવે તમે જ કહો કોઈપણ આવીને પૂછે કે ; દૂધસાગર થી તમે ખૂશ છો તો જવાબ હા માં જ મળેને ! હવે તો આ ધંધો કરવાની અને તેને આગળ વધારવાની મજા જ આવી છે. વીમાની રકમમાંય ફાયદો અને ઉંમરમાં પણ વધારો - ડોક્ટરની સેવાઓ તો પહેલા કરતાં લાખ ગણી સારી છે. એક પશુપાલક તરીકે મારા જેવા અનેક પરિવારોના ઘરમાં અજવાળું પાથરવા બદલ હું અશોકભાઈ અને નિયામક મંડળનો આભારી છું.

## નાનો - નાનો પણ રાઈનો દાણો

### સાધારણ સભાનો એક નાનકડો નિર્ણય અને

**59 થી 65 વર્ષના 65 હજારથી વધારે પશુપાલકો**

# દૂધસાગર વીમાથી સુરક્ષિત



મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ની સંસ્થાના અધ્યક્ષ શ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને મળેલી ૬૩ મી સાધારણ સભામાં કરવામાં આવેલી અનેક પશુપાલન લક્ષી યોજનાઓની જાહેરાત પૈકી એક જાહેરાત વીમાલક્ષી ફેરફારોની કરવામાં આવી હતી. જેમાં, અગાઉ દૂધ ભરાવનાર પશુપાલકને વીમાના રૂપમાં જે ૩૫ હજાર રકમ આપવામાં આવતી હતી તેમાં વધારો કરી ૧ લાખ રૂપિયા સુધી કરવામાં આવી. અકસ્માત વીમાની રકમને ૧ લાખથી ૨ લાખ રૂપિયા સુધી લઈ જવામાં આવી અને આજ ફેરફારો પૈકી એક ફેરફાર વીમાની ઉંમરમાં કરવામાં આવ્યો. આ અનુસંધાને અગાઉ વીમા માટે વધુમાં વધુ પશુપાલકની ઉંમરની મર્યાદા જે ૫૮ વર્ષ હતી તેને ૬૫ વર્ષ સુધી લઈ જવાતાં મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્ર એવા જુના મહેસાણા જિલ્લા (મહેસાણા-પાટણ અને ગાંધીનગર જિલ્લાના બે તાલુકાનો સમાવેશ થાય છે) ના હજારો પશુપાલકો કે જેઓ હાલમાં ૫૮ વર્ષની ઉંમર વીતાવી ચૂક્યા છે અને ૬૫ વર્ષની અંદર પોતાના જીવન વર્ષો વીતાવી રહ્યા છે તેવા અંદાજીત ૬૫ હજારથી વધુ પશુપાલકો આ ફેરફાર અંતર્ગત દૂધસાગરની વીમા સુરક્ષાથી સુરક્ષીત થઈ જતાં પશુપાલકોમાં આનંદની લાગણી છવાઈ જવા પામી છે.

આ અંતર્ગત, અમે દૂધસાગર ડેરીના ઉચ્ચ અધિકારીઓ સાથે વાત કરી તો જાણવા મળ્યું કે ; આ ઉંમરના ફેરફાર થવાની જાહેરાત બાદ પ્રથમ તબક્કાના સર્વેમાં અત્યાર સુધી અંદાજીત ૬૫ હજારથી વધારે પશુપાલકોનો સમાવેશ થઈ જવા પામ્યો છે. સરેરાશ ૬ થી ૭ વર્ષ નો વધારો થવાથી અનેક પરિવારોના ૫૮ થી ૬૫ વર્ષના વયોવૃધ્ધ વડીલો જીવન વીમા સુરક્ષાથી દૂધસાગર ડેરી દ્વારા સુરક્ષીત કરી લેવામાં આવતાં પશુપાલક પરિવારોમાં સકારાત્મક વાતાવરણ ઉભું થવા પામ્યું છે. વીમાની રકમ અને ઉંમરના આ વધારાના કારણે સરેરાશ લાભાન્વિત વ્યક્તિઓનો વધારો થતાં હવે, દૂધધારક પશુપાલકના કુદરતી મૃત્યુની વીમા ચૂકવણીની રકમમાં ખાસો એવો વધારો થવા પામશે તથા અનેક કુટુંબોને મુસીબત સમયે સારી એવી આર્થિક મદદ મળી રહે તેવા સંજોગોનું નિર્માણ થયું છે.

## સૈનિક સ્કૂલ સમારોહ માં શ્રી.અમિતશાહના વક્તવ્યના મુખ્ય અંશ



- મહેસાણા ડેરી અશોકભાઈના નેતૃત્વમાં ખૂબ સ્ફૂર્તિથી આગળ વધી રહે છે, અને લગભગ - લગભગ પાંચ લાખ ખેડૂતોની રોજની આજીવિકા આ મહેસાણા ડેરી બની છે.
- બધા સમાજો ડેરીનો ઉપયોગ કરીને ડેરીના માધ્યમથી પોતાની આજીવિકા મેળવે એવું જે સ્વપ્ન ડેરીના સંસ્થાપક માનસિંહભાઈએ લીધું એ સ્વપ્નને આગળ વધારવાનું કામ અશોકભાઈ કરી રહ્યા છે.
- ૩૭૫ કરોડનો આ ભાવવધારો દૂધનો પશુપાલકોને આપવાનું કામ ખૂબ મોટું છે. અને ૩૯ રૂપિયાથી વધારી દૂધના ભાવ ૪૮ રૂપિયા કરવાનું કામ પણ કર્યું છે અને સાથે દૂધનું પ્રોસેસ કરવું, માર્કેટીંગ કરવું અને એનો નફો દૂધ દોવાવાળી બેનના ઘર સુધી પહોંચાડવો એ કોઈ પૂણ્ય કાર્યથી ઓછું નથી.

# મોતીબાપુ વંદના વર્ષ સમારોહ (બોરીયાવી) કેમેરાની નજરે



મોતીબાપુ વંદના વર્ષ - સૈનિક સ્કૂલ ભૂમિપૂજનનો ભવ્યમંચ અને મહેમાનો





દૂધસાગર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા મુખ્યમંત્રીશ્રી. નું સન્માન



બોરીયાવી સમારોહમાં સ્વયંભૂ ઉમટી પડેલ પશુપાલકો - નાગરિકો અને સૈનિક સ્કૂલના બાળકોની જીવંત તસવીર



બોરીયાવી સમારંભ બાદ જગુદણ સેક્સડ સીમેન ડોઝ લેબોરેટરીની મૂલાકાતે મુખ્યમંત્રી શ્રી. સાથે આરોગ્યમંત્રી શ્રી..ઋષિકેશભાઈ પટેલ





મોતીભાઈ સૈનિક સ્કૂલ અને દૂધસાગર સંસ્થાના પરિચય સાથે મહેમાનોનું સ્વાગત કરતા ચેરમેનશ્રી.ની એક ઝલક

## કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહના શબ્દો :

# માણસાના દિકરા તરીકે દૂધસાગરનો આભાર



## દૂધસાગર ડેરીએ શ્વેતક્રાંતિ સાથે રક્ષાક્રાંતિની પહેલ કરી : મુખ્યમંત્રીશ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ

ગત તા.૪ જૂલાઈ - ૨૦૨૩ એટલે દૂધસાગર ડેરીના રખેવાળ એવા સ્વ.મોતીભાઈ રણછોડભાઈ ચૌધરીને સમર્પિત દિવસ ! દેશના કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી.અમિતભાઈ શાહની ગરીમાપૂર્ણ વર્ચ્યુચલ ઉપસ્થિતી વચ્ચે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી.ભૂપેન્દ્રભાઈ પટેલ, આરોગ્યમંત્રી શ્રી.ઋષિકેશભાઈ પટેલ, રાજ્યના સહકાર મંત્રી શ્રી.જગદીશભાઈ વિશ્વકર્મા, ગુજરાત

## પ્રધાનમંત્રી શ્રી.ની પ્રેરણાથી દૂધસાગર ડેરી દ્વારા રૂા.૭૫ કરોડના ખર્ચે ૧૧ એકરમાં બોરીયાવી ખાતે સ્કૂલ નિર્માણ પામશે

સરકારના કેબીનેટ મંત્રી શ્રી.બળવંતસિંહ રાજપુત તથા સમગ્ર વિસ્તારના ધારાસભ્યો અને સાંસદોની ઉપસ્થિતીમાં મહેસાણા જિલ્લાના બોરીયાવી ખાતે સહકારી સંસ્થા દ્વારા સંચાલિત દેશની પ્રથમ સૈનિક સ્કૂલનું ઈ-ખાતમુહુર્ત સંપન્ન કરવામાં આવ્યો હતો. ઉત્તર ગુજરાતની લબ્ધ પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા દૂધસાગર ડેરીના યજમાન પદે યોજાયેલ આ કાર્યક્રમમાં શ્રી.અમિતભાઈ શાહે ઉત્તર ગુજરાતના દિકરા તરીકે લાગણીશીલ વાતો કરી હતી. સ્વ.મોતીભાઈ ચૌધરીને સમર્પિત આ સૈનિક સ્કૂલના ભૂમિપુજન બાદ કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી.એ પોતાના નાનપણના દિવસો યાદ કરી તેઓ પંદર વર્ષની ઉંમરે પોતાના બાપુજી સાથે મોતીબાપુની ગ્રામભારતી સંસ્થામાં જતા હતા ત્યારે ધોતીયું અને બંડી પહેરી પંખા વગરની રૂમમાં બેસી મોતીકાકા જેવો મોટો જણ-નાના માણસોની સમસ્યા સાંભળતો હતો તે ઉદાહરણ આપી જાહેરજીવનમાં મોતીબાપુ આચરણમાં મુકવા જેવા માણસ હતા તેવી હ્દયસ્પર્શી વાત કરી ઉપસ્થિત ૧૨ હજારથી વધુ પશુપાલકોના મન મોહી લીધા હતા. તેઓએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી.નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમાન આ સૈનિક સ્કૂલ જ્ઞાન સાથે રક્ષા, બહાદુરી અને રાષ્ટ્રસેવાનો ભાવ બાળકોના જીવનમાં લાવી નવો ઉમંગ, નવી ચેતનાનો સંચાર કરશે. એટલું જ નહીં દેશભકિત અને સંસ્કાર સાથેના નાગરિકો આ સૈનિક સ્કૂલમાં તૈયાર થશે.

દૂધસાગર ડેરીની વાત કરતાં કેન્દ્રિય સહકારીતા મંત્રી શ્રી.અમિતભાઈ શાહે સંસ્થાના ચેરમેન શ્રી. અશોકભાઈ ચૌધરી અને તેમના સમગ્ર નિયામક મંડળને આ વર્ષે ૩૭૫ કરોડ જેટલો માતબર નફો તથા શુધ્ધ અને પવિત્ર વહિવટ બદલ અભિનંદન પાઠવ્યા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી પોતાના વક્તવ્ય દરમ્યાન લાગણીશીલ બન્યા હતા અને તેમણે જણાવ્યું કે ; માણસાના દિકરા તરીકે મોતીબાપુને યાદ કરી અશોકભાઈ તથા દૂધસાગર ડેરી દ્વારા મોતીબાપુ વંદના વર્ષની આવી ભવ્ય ઉજવણી તથા તેમના નામે સૈનિક સ્કૂલ અર્પણ કરવા બદલ હું આભાર અને અભિનંદન બંને અર્પણ કરું છું.

રાજ્યના મુખ્યમંત્રી શ્રી.ભૂપેન્દ્રભાઈ પટેલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં રાષ્ટ્રહિત અને રક્ષા સર્વોચ્ચ ગણીને રાષ્ટ્ર સેવા માટે સજ્જ પેઢી તૈયાર કરવાની વડાપ્રધાનની પ્રતિબધ્ધતાને સાકાર કરવામાં દૂધસાગર ડેરીની ભૂમિકાને બિરદાવી હતી.

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા